| Accredited Grade "A" by NAAC | # સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ - ૩૬૦૦૦૫ | |
| નં.એકે./ગ્રંથનિર્માણ/ ૩૮૯ /૨૦૧૭ | તા.૯/ ૪/૨૦૧૭ |
| | ગ્રંથનિર્માણ બોર્ડ |

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ તરફથી વિવિધ વિદ્યાશાખાઓ તેમજ તેના વિષયોના અભ્યાસક્રમોને અનુરૂપ સંદર્ભગ્રંથો તૈયાર કરવા માટે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ (અમદાવાદ) ના માન.ઉપાધ્યક્ષ, શ્રીમતી ભાવનાબેન દવેની ઉપસ્થિતિમાં માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા:-૨૦-૩-૨૦૧૭ને સોમવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે એક સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુનિવર્સિટીની સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ, ભવનના અધ્યક્ષશ્રીઓ તેમજ અભ્યાસ સમિતિઓના ચેરમેનશ્રીઓ પૈકીના પદાધિકારીઓ અને અધ્યાપકો ઉક્ત સંદર્ભિત સભામાં હાજર રહ્યા હતા.

## ::કાર્યવાહી નોંધ::

૧. સભાનાં પ્રારંભમા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના માન.ઉપાધ્યક્ષ, શ્રીમતિ ભાવનાબેન દવેનું માન.કુલપતિશ્રી પ્રોફે.પ્રતાપસિંહ ચૌહાણએ પુષ્પગુચ્છથી સ્વાગત કરી આવકાર્યા હતા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ સંદર્ભિત આ સભાનાં અધ્યક્ષ, માન.કુલપતિશ્રીનું કુલસચિવશ્રી ડૉ.ધીરેન પંડ્યાએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

૨. માન.કુલપતિશ્રીએ અધ્યાપકોને પોતાના વિષય રીલેટેડ સંદર્ભ પુસ્તકો તૈયાર કરવાના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના કાર્યમાં સહયોગી થવા જણાવ્યું હતું અને તે સંબંધિત કેટલાંક ઉપયોગી સુચનો કર્યા હતાં.

૩. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડનાં માન.ઉપાધ્યક્ષ શ્રીમતિ ભાવનાબેન દવેએ સૌ પ્રથમ સર્વ અધ્યાપકોનો પરિચય મેળવી આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે બદલાતી જતી શૈક્ષણિક પધ્ધતિને ધ્યાને લઈ અનુભવી અધ્યાપકો સાથે જરૂરી પરામર્શ કરી સિલેબસ આધારિત ગુણવત્તાસભર સંદર્ભ પુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર કરાવી પ્રકાશિત કરવાએ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની પ્રથમ અગ્રીમતા છે.

૪. વધુમાં તેઓએ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડનાં કાર્યો જેવા કે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ સંદર્ભિત પુસ્તકો, સમાજ ઉપયોગી ઉત્તમ ગુણવત્તા સભર પુસ્તકો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી પુસ્તકો તૈયાર કરાવવા આ ઉપરાંત ભાષાંતર કાર્ય કરી ક્વોલીટી પુસ્તકો તૈયાર કરી ૨૫% ઓછી કિંમતે વેચાણ કરવામાં આવતું હોવાનું તેમજ તા. ૨૩ એપ્રિલ, "વિશ્વ પુસ્તક દિન" નિમિતેના ઉજવણી દિવસથી એક સપ્તાહ દરમ્યાન બોર્ડના કાર્યાલય પરથી પુસ્તકોનું વેચાણ ૪૦% વળતરથી કરી આખું સપ્તાહ ઉજવણી કરવામાં આવતી હોવાનું જણાવી બોર્ડના કાર્યોની વિસ્તૃત રૂપરેખા અને જાણકારી આપી હતી.

૫. તેઓએ કોમ્પ્યુટર, જર્નાલિઝમ, જ્યોગ્રાફી, પરફોર્મીંગ આર્ટસ જેવા વિષયોમાં સમયને અનુરૂપ પરિવર્તન અતિ આવશ્યક હોય જેથી તે પ્રકારના રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાના ઉપયોગી સંદર્ભ પુસ્તકો તૈયાર કરવા ગ્રંથનિર્માણ બોર્ડ સાથે જરૂરી મુદ્દાઓ લઈ પરામર્શ કરી ગુજરાતી ભાષામાં ગુણવત્તાયુક્ત પુસ્તકો તૈયાર થાય અને જરૂર જણાય ત્યાં અંગ્રેજી/હિન્દી ભાષામાં પણ પુસ્તકો તૈયાર થાય તે માટેના કાર્યમાં જોડાવા અધ્યાપકોને આહવાન કર્યું હતું.

૬. સાયન્સ ફિલ્ડ, નેનો ટેક્નોલોજી, ચિલ્ડ્રન ઉપયોગી તેમજ મેનેજમેન્ટ, કાયદા, કોમ્પ્યુટર અને ભારતીય સંસ્કૃતિ વિગેરે વિષયોના પુસ્તકો અપગ્રેડેશન સાથે ગુજરાતી ભાષામાં તૈયાર થાય અને આવશ્યક હોય ત્યાં અંગ્રેજી/હિન્દી ભાષાનાં પુસ્તકો પણ તૈયાર કરવાના લેખન કાર્ય માટે અધ્યાપકોને સહયોગી થવા જણાવ્યું.

૭. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા વિવિધ વિષયોના સંદર્ભ પુસ્તકો ઉપરાંત નેટ, જીસેટ, યોગ, કૃષિ, આયુર્વેદ, સંગીત, ફિલ્મ અને UPSC, GPSC તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અતિ ઉપયોગી પુસ્તકો ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા હોવાનું જણાવી અધ્યાપકો સંદર્ભ પુસ્તકો તૈયાર કરવાના લેખન કાર્યમાં વધુમાં વધુ જોડાય તેવી લાગણી વ્યક્ત કરી.

૮. બોર્ડના ગ્રંથરથ મારફત રાજ્યભરમાં પુસ્તકોના વેચાણ સાથે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે આવશ્યક સંવાદ પણ કરવામાં આવે છે.

૯. અંતમાં, તેઓએ અભ્યાસક્રમો આધારિત સંદર્ભ પુસ્તકો ઉપરાંત બાળકો, યુવાનો, વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રનિર્માણની વિશેષ ભાવના જાગૃત થાય તેવા પુસ્તકો તેમજ સમાજ ઉપયોગી જ્ઞાનસભર પુસ્તકો પણ તૈયાર થાય તે માટે અધ્યાપકોને સહયોગ કરવા અપીલ કરી હતી.

કુલસચિવશ્રી ડૉ. ધીરેન પંડ્યાએ સર્વનો આભાર માની સભાનું કાર્ય પુર્ણ જાહેર કર્યુ હતુ.

( ડૉ. ધીરેન ડી. પંડ્યા)
I/C.કુલસચિવ

પ્રતિ,

યુનિવર્સિટીની સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ તથા તમામ વિષયની અભ્યાસ સમિતિઓના ચેરમેનશ્રીઓ અને યુનિવર્સિટીના સર્વે ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

<u>નકલ સાદર રવાના :-</u>

૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
૨. સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા નોટિસબોર્ડ ઉપર પરિપત્ર પ્રસિધ્ધ કરવા અર્થે.
૩. ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી ગ્રંથાલય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫.
૪. શ્રીમતી ભાવનાબેન દવે, ઉપાધ્યક્ષશ્રી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કોલેજ પાછળ,જુના શારદા મંદિર ચાર રસ્તા, એલિસ બ્રીજ, અમદાવાદ.-૩૮૦૦૦૬
૫. નિયામકશ્રી, યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર, રાજકોટ- વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સી.ડી.સાથે